ગાંધીનગર સમાચાર

# ખંભીસર પ્રાથમિક શાળામાં પાટીદારોએ ગુણોત્સવનો વિરોધ



મોડાસા, તા. ૭

મોડાસા તાલુકાના ખંભીસરમાં આજે ગુણોત્સવ રાખવામાં આવ્યો હતો. આજે અધિકારીઓ ગામમાં આવે તે પહેલાં જ ૧૫૦ પૈકી ૬૦ બાળકોને વાલીઓએ સ્કૂલમાં ન મોકલતા ગુણોત્સવનો ફિયાસ્કો થયો હતો. આમ હજુ પણ પાટીદારોના દિલમાં લાગેલી આગ બુઝાઈ નથી.

મોડાસાની ખંભીસર પ્રાથમિક શાળામાં ચાલુ વર્ષે પણ ગુણોત્સવનો કાર્યક્રમ હતો. નિયત થયેલા અધિકારીઓ શાળામાં નિરીક્ષણ માટે આવવાના હતા પણ આજ પ્રાથમિક શાળાના ૧૫૦ બાળકો પૈકી ૬૦ જેટલા બાળકો પાટીદારના હોવાના કારણે તેઓએ બાળકોને શાળાએ મોકલ્યા ન હતા અને જય સરદારના નારા લગાવીને બહિષ્કાર કર્યો હતો. આમ હજુ પણ પાટીદારોના દિલમાં લાગેલી આગ બુઝાઈ નથી તે સાબિત થયું હતું. આ ગુણોત્સવનો ફિયાસ્કો થયો હોવાનું માલુમ પડતા જ અધિકારીઓ પણ ફરક્યા ન હતા.

# બાયડમાં પાટીદારોએ બાળકોને શાળાએ ન મોકલી ગુણોત્સવનો વિરોધ

મોડાસા, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા આજથી શરૂ થયેલ ૩ દિવસીય ગુણોત્સવ કાર્યક્રમનો બાયડ તાલુકાના અરજણવાવ ગામના પાટીદારોએ પોતાના બાળકોને શાળાએ અભ્યાસ માટે ન મોકલી સરકારની પાટીદાર વિરોધી નીતિનો વિરોધ નોંધાવ્યો હતો.

રાજ્યમાં છેલ્લા કેટલાય દિવશોથી પાટીદાર અનામત આંદોલન ચાલી રહ્યું છે. પાટીદારો સામે વિવિધ પ્રકારના પોલીસ કેસો નોંધાયા બાદ સરકાર યુ ટન લઈ આ કેસો પાછા ખેંચવાની જાહેરાત કરી હતી. પરંતુ આ આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલ અને ૧૪ અન્ય પાટીદાર આગેવાનોને જેલમાથી છોડાવા અંગે કોઈ જ નિર્ણય સરકાર દ્વારા ન લેવાતા પાટીદારોમાં રોષ વધતો જ રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અરજણ



વાવ ગામના પાટીદારોએ ગુણોત્સવના આ ૩ દિવસીય કાર્યક્રમ દરમ્યાન પોતાના બાળકોને શાળામાં નહી મોકલી પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

સરકાર દ્વારા પાટીદારો પર જે પ્રકારે દમન ગુજારવામાં આવી રહ્યો છે ત્યારે તેનો વિરોધમાં પાટીદાર મહિલાઓ અને બાળકો પણ પોતાનો વિરોધ દર્શાવતા ૩ દિવસ સુધી શાળામાં ન જવાનો નિર્ણય લઈ પાટીદાર એકતાની આડકતરી ચેતવણી આપી રહ્યા છે.

# ધાનેરા કોર્ટ સંકુલમાં ધિંગાણું

## કોર્ટ કેસ પાછો ખેંચવા બાબતે મારામારી થઈ હતી : પોલીસ મથકની સામે જ પોલીસની ઈજ્જતના ધજાગરા ઉડાળ્યા

ધાનેરા, તા. ૭

ધાનેરા કોર્ટ સંકુલમાં એક કેસની જુબાની આપવા માટે આવેલ ઈસમને જુબાની આપવાની ના પાડી કેસ પાછો ખેંચવાની ધમકી આપી મારામારી કરતા ધાનેરા પોલીસમથકે ૬ ઈસમો સામે ફરિયાદ નોંધાતા પોલીસે તમામને જેલ હવાલે કર્યા હતા.

બનાવની વિગત એવી છે કે ધાનેરા કોર્ટમાં બુધવારે સવારે ધાનેરાના આબીદશા અહેમદ સોઈ પોતાના કામ અર્થે કોર્ટમાં આવ્યા હતા. ત્યારે ધાનેરાના જ મહેબુબશા સોઈ પોતાના માણસો સાથે ત્યાં આવ્યા હતા અને આબીદશાને જે કેસ ચાલે છે તે પાછો ખેંચી લેવા જણાવ્યું હતું. ત્યાં તે કેસ પાછો ખેંચવાની ના પાડતા મહેબુશા ઉશ્કેરાઈ ગયો હતો અને કોર્ટ સંકુલમાં જ આબીદશાને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા કોર્ટ સંકુલમાં હંગામો થયો હતો. કોર્ટ સંકુલમાં જ પોલીસમથક હોવાથી પોલીસ તાત્કાલિક પહોચી હતી અને તમામ આરોપીઓને પકડીને જેલ હવાલે કર્યા હતા. પોલીસે ફરિયાદી આબીદશાની ફરિયાદના આધારે છ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## નવા મારવાડાના ભુલકાઓએ શહિદોને શ્રદ્ધાંજલિ અર્પી

પઠાણકોટના આતંકવાદી હૂમલામાં શહિદી વહોરનાર ભારતીય જવાનોને અંજલી આપવા ખેડબ્રહ્માના નવા મારવાડાના નાના ભુલકાઓ અને યુવકોએ મળી શહિદ જવાનોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# ખેડબ્રહ્મામાં નાળિયેર-પ્રસાદના વેપારીનું માર્ગ અકસ્માતમાં મોત થતાં પાંચ અંગોનું દાન કરાયું

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્માના નાળિયેર-પ્રસાદના વેપારીને તાજેતરમાં ગલોડીયા રોડ ઉપર બાઈકની ટક્કરથી ગંભીર ઈજાઓના કારણે મોત નિપજ્યું હતું. આ મૃતકના પરિવારે શરીરના પાંચ અંગોનું જરૂરિયાતમંદ દર્દીઓના શરીરમાં પ્રત્યારોપણથી અંગદાન મેળવનાર પાંચ દર્દી અને તેમનો પરિવાર સહિત ખેડબ્રહ્મા પંથકમાં ઉમદા કાર્યની સુવાસ પ્રસરી છે અને અહોભાવની લાગણી ફેલાઈ છે.



ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર પરિસરમાં નાળિયેર-પ્રસાદની દુકાન ધરાવનાર સોભાગ નવીનચંદ્ર પરીખ જે તેમના પરિવાર અને શહેરમાં લકટીના હુલામણા નામથી ઓળખાતા હતા. સોભાગ પરીખને તેમના મિત્રો ડૉ. અશ્વિનભાઈ ગઢવી તથા ગીરીશભાઈ પટેલ સાથે ગત ૩૧ ડિસેમ્બરે મોર્નીંગ વોકમાં જતા હતા ત્યારે ગલોડીયા રોડ ઉપર સોભાગને એક બાઈકચાલકે ટક્કર મારતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારબાદ તેમના બંને મિત્રો દ્વારા ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, પ્રાથમિક સારવાર પછી અમદાવાદ સ્ટર્લીંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ડૉ. સુધેન્દુ પટેલ તથા ડૉ. ત્રિપાઠી દ્વારા મગજનું ઓપરેશન કરવામાં આવ્યું પણ શનિવારે ડૉક્ટરોએ સોભાગના બ્રેઈનને ડેડ જાહેર કર્યું હતું. સોભાગ આ દુનિયા છોડી જતા તેમની પત્નિ સ્મિતાબેન, પુત્ર ડૉ. ધ્યાન તથા પુત્રી મૃણાલીની સહિત પરિવાર ઉપર આભ ફાટી પડ્યું હતું.

સોભાગના પીએમની તૈયારી થતી હતી ત્યારે ડૉ. સુધેન્દુ પટેલ કે જેમના શિક્ષક માતા-પિતાએ ખેડબ્રહ્માને કર્મક્ષેત્ર બનાવ્યું હતું. જેથી પરીખ પરિવાર સાથે સારા સંબંધ હોવાથી તેમના મનમાં આવેલ અંગદાનનો વિચાર સોભાગના મોટાભાઈ હેમાંગ પરીખ અને પત્નિ સ્મિતાબેન સમક્ષ મુક્યો હતો. ત્યારબાદ સ્મિતાબેન અને પરિવાર માટે આવો નિર્ણય કરવો કઠીન હતો, છતાં પુત્ર ડૉ. ધ્યાન તથા પુત્રી મૃણાલીને સમજાવી અંગદાનનો નિર્ણય લેવાયો, સ્મિતાબેનનું માનવું હતું કે સોભાગ પણ આવો જ નિર્ણય લેત અને ભારે હૈયે બે કીડની, લીવર અને બે આંખોના પ્રત્યારોપણની કાર્યવાહી શરૂ થઈ.

ડૉ. સુધેન્દુ પટેલ, હોસ્પિટલના ડૉક્ટર, સરકારી પ્રતિનિધિઓએ સોભાગના અંગો સાથે મેચ કરવા ત્રણ-ત્રણ દર્દીના રિપોર્ટ તપાસ્યા અને રિપોર્ટ મેચ થતા અંગ પ્રત્યારોપણ કરવામાં આવ્યું. ઓપરેશનની કાર્યવાહી પુરા આઠ કલાક ચાલી હતી. આ ઉમદા નિર્ણયથી પાંચ જીંદગીઓ મોહરી ઉઠી. અમદાવાદના ૬ માસથી લીવરની સમસ્યાના કારણે જીવન મરણ વચ્ચે ઝઝૂમતા ઘરના મોભી દર્દીને લીવરના પ્રત્યારોપણથી નવજીવન મળ્યું. જ્યારે અમરેલીના છેલ્લા ૧૮ વર્ષથી ડાયાલીસીસ પર રહેતા દર્દીને પણ નવુ જીવન મળ્યુ. જ્યારે મુંબઈનો છેલ્લા ૩ વર્ષથી કીડનીની રાહ જોઈ રહેલો દર્દીને કીડની મળતા તેને પણ નવું જીવન મળ્યું છે.

આમ સોભાગની બે કીડની અને લીવરનું તાત્કાલિક પ્રત્યારોપણ થતા ત્રણ જીદગીને નવુ જીવન મળ્યુ. જ્યારે બે આંખોનું જરૂરિયાતમંદ શોધી હોસ્પિટલ દ્વારા પ્રત્યારોપણ કરાશે. વર્ષમાં માત્ર એકાદ કે બે કેસ જોવા મળે છે. જેમાં એક સાથે આટલા અંગોનું દાન થાય છે. જે આ ઉમદા પ્રસંગ સોભાગને પ્રાપ્ત થયો. આમ જીવનથી હાથ ધોઈ નાખેલ ત્રણ વ્યક્તિઓને તાત્કાલિક નવુ જીવન મળ્યુ જ્યારે બે આંખનું હવે પછી પ્રત્યારોપણ થશે. જેથી અન્ય બે વ્યક્તિઓને નવી દૃષ્ટિ મળશે.

અંગદાન મેળવનાર ખુશકિસ્મત પરિવારજનોએ પરીખ પરિવાર પાસે આભાર વ્યક્ત કર્યો અને સંપર્ક સૂત્રની માગણી કરી ત્યારે ઘરનો મોભી ગુમાવનાર સ્મિતાબેન અને બંને બાળકો તથા સમગ્ર પરિવારની આંખો અને હોઠ ઉમદા કાર્યની ભાષા બોલતા જણાવ્યું કે માનવતા એ માનવતાની મુલાકાત લીધી છે. ત્યારે નામ-સરનામાની નોંધનો શો ઉપયોગ. આમ માનવતાના દર્શન કરાવનાર પરીખ પરિવારના ઉમદા નિર્ણયથી સૌ મનોમન અહોભાવ વ્યક્ત કર્યો હતો.

# મોડાસા એ.આર.ટી.ઓમાં એસીબીના અધિકારીઓ આવતા એજન્ટો રફુચક્કર

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાની મોડાસામાં આવેલી એઆરટીઓ કચેરીમાં આજે ઓફિસ ખુલતાં જ ઈન્સ્પેક્ટર આવતા પહેલાજ એસીબીના ૩ અધિકારી આવી પહોંચતા એજન્ટો સહિત કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો. અને બે નંબરીઆ એજન્ટો ફરાર થઈ ગયા હતા.

આધારભુત સુત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી એઆરટીઓ કચેરી ખુલતાં જ એસીબીના ૩ અધિકારી ગાડી લઈને આવી પહોંચ્યા હતા. જ્યાં સવારથી જ હાજર એજન્ટોની પુછપરછ કરી જવાબો લેવાની કાર્યવાહી હાથ ધરી હતી. શંકાસ્પદ લાગતા વ્યક્તિને ઉભી રાખી જવાબો લેવામાં આવતા હતા. જેના લીધે થેલાઓ લઈને આવેલા ૬ ૨ જેટલા ગેરકાયદેસર એજન્ટ તકનો લાભ લઈને નાસી ગયા હતા. ત્યારબાદ એસીબીના અધિકારીઓએ ક્લાર્ક, કેશિયર વગેરે વિભાગોમાં આંટો મારતા ત્યાં પણ ફફડાટ ફેલાયો હતો. ત્યારબાદ ગુર્જર રજા પર હોવાથી મોઢ નામના ઈન્સ્પેક્ટર આવ્યા હતા. પણ તેમને પણ એસીબી હોવાની માહિતી મળતા ગણતરી પળોમાં જ ક્યાંક લાંબા સમય માટે ગાયબ થઈ ગયા હતા. આમ તેઓ ક્યાં ગયા એ ચર્ચાનો વિષય બન્યો હતો.

આજે આવેલી એસીબી ખાસ તો ઈન્સ્પેક્ટર મોઢના સમયમાં નિકળેલા લાયસન્સની તપાસ કરવા માટે આવી હતી કે કેમ ? ૨ હજાર લઈ લાયસન્સ આપવાની પ્રથા ફરી શરૂ કરવામાં આવી છે ? લોકમુખે થઈ રહેલી ચર્ચા મુજબ ઈન્સ્પેક્ટર મોઢના કાર્યકાળમાં અપાયેલા લાયસન્સની કમિશનર કચેરી તથા એસીબી ફેરતપાસ કરે તો મોટુ સત્ય બહાર આવે તેમ છે.



ફરીથી એકવાર ઠંડીનો ચમકારો લાગતા લોકો તાપણાનો લીધો સહારો.

# ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત પ્રાંતિજની પ્રાથમિક શાળાઓમાં ઉત્સવીય માહોલ

પ્રાંતિજ, તા. ૭

ગુજરાત સરકારના ગુણોત્સવ-૬ અભિયાન તા. ૭મી જાન્યુઆરીના રોજથી પ્રારંભ થતાં તમામ શાળાઓ ગામડાઓમાં શાળા ઉત્સવીય માહોલ ઉભો થયો છે.

તો પાટીદાર આંદોલન અને પાટીદાર યુવાનોના કેશુભાઈ પરત ખેંચવાના આશયથી પાટીદાર વિસ્તારોમાં સ્કૂલોમાં બાળકોને મોકલવાનો મિશ્ર પ્રતિસાદ પ્રાંતિજ તાલુકામાં મલ્યો છે.

પ્રાંતિજ શિક્ષણ વિભાગના તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાના જણાવ્યા પ્રમાણે તાલુકાની એકશો શાળાઓ ઉપરાંતની તમામ પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત ગુણોત્સવ મુલ્યાંકન ઉપરાંત શાળાની ભૌતિક સુવિધા સહિતની માહિતી-મુલ્યાંકન અધિકારીઓ દ્વારા કરવામાં આવનાર છે.

તાલુકાના પ્રાંતિજ, પોગલુ, સોનાસણ, મોયદ, બાકરપુર, કમાલપુર સહિતની શાળાઓમાં ગુણોત્સવ-૬ અંતર્ગત તડામાર તૈયારીઓ શિક્ષકો તથા તંત્ર દ્વારા થઈ રહી છે.

# મેઘરજ તાલુકાની પીસાલ આંગણવાડી કેન્દ્રની છત જર્જરીત હાલતમાં છતાં તંત્ર નિષ્ક્રિય

## આંગણવાડીમાં બાળકોની સુરક્ષાનો અભાવ



ઈસરી, તા. ૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની હદ ઉપર આવેલ પીસાલ ગામમાં નાના બાળકોને પાયાનું ભણતર આપવા માટે આંગણવાડી કેન્દ્ર આવેલ છે અને આશરે ૮૩ જેટલા નાના બાળકો આમાં પાયાનું ભણતર મેળવી રહ્યા છે ત્યારે આ આંગણવાડી કેન્દ્રના મકાનની છત છેલ્લા કેટલાય વર્ષોથી જર્જરીત હાલતમાં નજરે પડી રહી છે અને આ છતમાં સીમેન્ટના પોપડા પણ ઉખડી ગયા છે અને છત એકદમ જર્જરીત થઈ ગઈ છે. તેના લીધે આ સીમેન્ટના પોપડા છતમાં ઉખડી ઉખડી નીચે પડે છે અને આના લીધે નાના કુમળી વયના ફૂલ જેવા બાળકોના માથે મોતનું સંકટ તોળાય રહ્યું છે. અને ચોમાસાની ઋતુમાં આ જોખમ ખુબજ વધી જાય છે. આ આંગણવાડીના મકાનની છતમાંથી ટપકતા પાણીથી નાના બાળકો બેસી શકે એટલી પણ કોરી જગ્યા રહેતી નથી. તેથી આ આંગણવાડીનું ઝડપથી સમારકામ કરવામાં આવે અથવા નોનયુઝ જાહેર કરી નવી બનાવવામાં આવે તો આ આંગણવાડી કેન્દ્રમાં આવતા આશરે ૮૩ જેટલા બાળકોના માથા ઉપર આ જર્જરીત છતનો તોળાતો મોતનો ભય ચોક્કસ ટાળી શકાશે. આ આંગણવાડી ઝડપથી નવી બનાવવા વાલીઓ અને ગ્રામજનોની ઉગ્ર માંગ છે. જો આ છતનું સમારકામ અથવા નવી બનાવવાનું કાર્ય તાત્કાલિક હાથ ધરવામાં ન આવે તો આ છત નાના બાળકો માટે જોખમરૂપ સાબીત થશે તેથી નાના બાળકોની સુરક્ષાનો ધ્યાનમાં રાખી તાકિદે પગલા લેવા વહિવટી તંત્રએ આંગણવાડી કેન્દ્રની જર્જરીત છતની બાબતને ગંભીરતાથી લઈને તાકિદે સજાગ થવાની સખત જરૂર છે.

# સંક્ષિપ્ત સમાચાર

## સોનપુરમાં પાક નિદર્શન સભા યોજાઈ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના સોમપુર ખાતે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ્સ લિ.ના ઉપક્રમે વિવિધ ખેતીલક્ષી વિષયોનુસાર એક પાક નિદર્શન સભા યોજાઈ હતી. જેમાં માલપુર-ધનસુરા રોડ ઉપર સોમપુર ચોકડી નજીક એક ખેતરમાં વિવિધ ખેતીલક્ષી વિસ્તરણ સેવાઓ આપી ખેડૂત વર્ગને ઉપયોગ અને ફાયદા માટે જીએસએફસી હંમેશા પ્રયત્નશીલ રહેશે તેવું જણાવી જીએસએફસીના એન.જી. યાદવ (બિઝનેસ હેડ) તથા અન્ય નિષ્ણાંતોની ઉપસ્થિતિમાં ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પડાયું હતું.

## અમદાવાદ-ખટાસણા રૂટની બસ સેવામાં ફેરફાર થતા મુસાફરો પરેશાન

ઊંઝા એસ.ટી. ડેપો સંચાલિત અમદાવાદ-ખટાસણા રૂટની લોકલ બસ સર્વિસના રૂટમાં ફેરફાર કરી દેતા સાંજના સમયે ઊંઝાથી સિદ્ધપુર જનાર મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ઊંઝા ડેપો સંચાલિત અમદાવાદ-ખટાસણા રૂટની લોકલ બસ સર્વિસ વર્ષોથી વાયા સિદ્ધપુર થઈને ખટાસણા નાઈટ જતી હતી. આ બસને કોણ જાણે કેમ છેલ્લા કેટલાક સમયથી વાયા સિદ્ધપુરને બદલે વાયા કામલી, જગન્નાથપુરા કરી દીધેલ છે. જેથી સાંજના સમયે સિદ્ધપુર જનાર મુસાફરો માટે બસ સેવા છીનવાઈ ગઈ છે. સાંજના સમયે ઊંઝાથી સિદ્ધપુર તરફ જવા માટે એસ.ટી.ની લોકલ બસ સર્વિસો સાવ જૂજ છે. એટલે નોકરીયાતો, ધંધાર્થીઓ તેમજ રોજીંદી અવરજવર કરવાવાળા પાસધારકો અન્ય મુસાફરોને ભારે મુશ્કેલી ઉભી થઈ છે.

ઊંઝાથી સિદ્ધપુર જવા માટે સાંજના સાડા પાંચ વાગ્યા બાદથી મોડી સાંજના આઠ વાગ્યા સુધીમાં એકપણ લોકલ બસ સર્વિસ નથી. પરિણામે મુસાફરોની મુશ્કેલી વધી છે.

## તલોદની ગઢવાડ પ્રાથમિક શાળાનું મૂલ્યાંકન કરતા મુખ્યમંત્રીના સચિવ અજય ભાદુ

હિંમતનગર, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા આજથી શરૂ થયેલા રાજ્યવ્યાપી ગુણોત્સવ કાર્યક્રમના ભાગરૂપે તલોદ તાલુકાની અંતરિયાળ વિસ્તારમાંઆવેલી ગઢવાડ પ્રાથમિક શાળાના બાહ્ય મૂલ્યાંકન માટે આવી પહોંચેલા મુખ્યમંત્રી અને માહિતી વિભાગના સચિવ અજય ભાદુએ ગઢવાડ ગામના ગ્રામજનો અને વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની તકો પુરી પાડવા માટે અનુરોધ કર્યો હતો.

ગઢવાડ પ્રાથમિક શાળામાં ૧ થી ૭ ધોરણમાં શૈક્ષણિક કાર્ય ચાલે છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ની છે. આ શાળાના વિદ્યાર્થીઓ પૈકી સચિવશ્રીએ ધો. ૬ અને ૭ના વિદ્યાર્થીઓની ગણનની પરીક્ષા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કર્યું હતું. અને ત્યારબાદ ધો. ૨ અને ૩ તેમજ ધો. ૪ અને ૫ના બાળકોને નામ વગેરેની પૃચ્છા કરી પ્રોત્સાહિત કરી તેમની વાંચન-લેખન વગેરે પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કર્યું હતું. શાળાની ઈતર પ્રવૃત્તિઓ જેવી કે વાંચનાલય, વાર્ષિકોત્સવ ઉજવણી, અભિનય, ગરબા, પાઠ્ય પુસ્તકો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવા બાબતે તથા બાળકોને કોમ્પ્યુટરના શિક્ષણ અંગેની વિગતોની જાણકારી મેળવી હતી.